# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

પરિવહન ખાતું, મધ્યસ્થ કચેરી, રાણીપ, અમદાવાદ

E-mail: comgsrtc97@gmail.com

નં.ગુરામા/પરિ/વાણી/ ૯૮૭ તા.૩૦/૦૮/૨૦૨૫

ડ્રાઈવર હરિલાઈ

પ્રતિ,

વિભાગીય નિયામકશ્રી

એસ.ટી અમદાવાદ / અમરેલી / ભરૂચ / ભુજ / ભાવનગર / ગોધરા / હિંમતનગર / જામનગર / જુનાગઢ / મહેસાણા / પાલનપુર / નડીયાદ / રાજકોટ / સુરત / વડોદરા / વલસાડ.

વિષયઃ- નિગમની બસોમાં રાખવામાં આવેલ અનામત સીટની યોગ્ય અમલવારી થવા બાબત.

સંદર્ભઃ- (૧) નં.એસટીજી-ટીઆર-વાણી-એસએ-૮૬૨૮, તા.૦૩-૧૧-૧૯૯૯

(૨) નં.એસટીજી-ટીઆર-વાણી-એસએ-૨૧૬૮, તા.૨૨-૦૩-૨૦૦૦

(૩) નં.ગુરામાં/પરિ/વાણી/૯૦૦, તા.૨૫-૦૪-૨૦૨૩

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નિગમ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ, સ્વાતંત્ર સેનાનીઓ, પૂર્વ ધારાસભ્ય/સંસદસભ્યશ્રીઓ, મહિલાઓ વગેરે માટે નિગમની બસોમાં સરકારશ્રીની જરૂરી સૂચનાઓ અંતર્ગત સીટ રીઝર્વ રાખવામાં આવેલ છે. જે સબબ અત્રેથી નિગમના તમામ વિભાગોને તેમજ તાબા હેઠળનાં કર્મચારીઓને રીઝર્વ સીટ બાબતે મુસાફરોને કોઈ અગવડતા ઉભી ન થાય તેમજ કોઈ રજૂઆત કે ફરિયાદ ઉપસ્થિત ન થાય તે બાબતને ધ્યાને લઇ માનવીય અભિગમ દાખવી રીઝર્વ કરવામાં આવેલ સીટ પર બેસાડવા અંગે સંચાલન સાથે સંકળાયેલા તમામ સ્ટાફને જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવેલ છે.

| ક્રમ | અનામત | સીટ નંબર |
|---|---|---|
| ૧ | સ્વાતંત્ર સેનાનીઓ માટે | ૧, ૨ |
| ૨ | દિવ્યાંગ મુસાફરો માટે | ૧૬, ૧૭, ૧૮ |
| ૩ | મહિલાઓ માટે | ૬, ૭, ૮, ૯ ,૧૦ |
| ૪ | માન.ધારાસભ્ય/સંસદ સભ્યશ્રી માટે | ૧૧, ૧૨ |

આ અંગે નિગમ દ્વારા રીઝર્વ કરવામાં આવેલ સીટમાં અન્ય મુસાફરો દ્વારા મુસાફરી કરવામાં આવતી હોવા અંગે મોટે ભાગે દીવ્યાંગ મુસાફરો, મહિલા મુસાફરોની અવારનવાર અત્રે તેમજ સરકારશ્રી કક્ષાએ રજુઆતો મળવા પામે છે. જેથી સદર બાબતે તમામ વિભાગોએ ઉક્ત રજુઆતો નિવારવા તેમજ તેનું ચુસ્ત અમલીકરણ થાય તે માટે બસમાં અનામત સીટ પર જે તે માટે આરક્ષીત કરવામાં આવેલ મુસાફરો મુસાફરી કરે તે માટે નિગમની પ્રસ્થાપિત સુચનાઓ અનુસાર તેમજ અમલવારી બાબતે મુસાફરો સાથે કોઈ ઘર્ષણ ઉપસ્થિત ન થાય તે માટે ફરજ પરના કંડકટર દ્વારા સૂઝબુઝ / વિવેક બુદ્ધિથી ઉપયોગ કરી અમલવારી કરાવવા આપની કક્ષાએથી તમામ સંબંધિતોને જરૂરી નોંધ લેવડાવવા તેમજ વિભાગનાં લાઈન ચેકિંગ સ્ટાફ દ્વારા પણ ચેકિંગ દરમ્યાન જરૂરી ચકાસણી થાય તે અંગેનું વિભાગીય કક્ષાએથી જરૂરી આયોજન હાથ ધરવા જણાવાય છે

મુખ્ય પરિવહન અને વાણીજ્ય વ્યવસ્થાપક,
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ

ન.સ.રવાના :- પ્રતિ, માન.એમ.ડી.સાહેબશ્રી, એસ.ટી. મધ્યસ્થ કચેરી તરફ જાણ થવા સારૂ.

ન.સ.રવાના : પ્રતિ, મુખ્ય. વ્યવસ્થાપકશ્રી, એસ.ટી. મધ્યસ્થ કચેરી, તરફ જાણ સારૂ.

ન.સ.રવાના : પ્રતિ, વિભાગીય પરિવહન અધિકારીશ્રી, સેન્ટ્રલ લાઈન ચેકિંગ, મધ્યસ્થ કચેરી તરફ જાણ તેમજ ઉક્ત બાબતે સેન્ટ્રલ લાઈન ચેકિંગ સ્ટાફ મારફતે સઘન ચકાસણી કરવા સારૂ.